ખાસ જરૂરી
તાત્કાલિક
**Digital Gujarat Portal**

ક્રમાંક/ વિજાક/ શિક્ષણ / ૨૦૧૭-૧૮ / ૩૨૦૬ – ૩૨૩૯
નિયામક. વિકસતી જાતિ કલ્યાણ
બ્લોક નં-૪/૩. ડૉ.જીવરાજ મહેતા ભવન.
ગુજરાત રાજ્ય. ગાંધીનગર
ફોન નં.૨૩૨ ૫૩૨૪૫ થી ૫૩૨૪૭
Email-ddcw-minority@gujarat.gov.in
તા. ૨૬/૦૯/૨૦૧૭

પ્રતિ,
જિલ્લા નાયબ નિયામકશ્રી, (વિ.જા.) ........................................
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, (વિ.જા.) ........................................

**વિષયઃ-** ભારત સરકાર / રાજ્ય સરકારની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ Digital Gujarat Portal પર વર્ષ ૨૦૧૭-૧૮થી Online કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ હેઠળના વિકસતી જાતિ કલ્યાણ દ્વારા જિલ્લા કક્ષાએથી અમલમાં હોય, તેવી યોજનાઓમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC), વિચરતી-વિમુક્ત જાતિ (NT/DNT), આર્થિક રીતે પછાત વર્ગ (EBC), લઘુમતિ (Minority) પછાત વર્ગોની ભારત સરકારની અને રાજ્ય સરકારની વિવિધ શિષ્યવૃત્તિ યોજનાઓમાં સરકારી આઇ.ટી.આઇ.ના અભ્યાસક્રમો, ધોરણ-૧૧,૧૨, ડીપ્લોમાં, સ્નાતક, અનુસ્નાતક, પીએચડી મેડીકલ, એન્જીનીયરીંગના વ્યવસાયિક અભ્યાસક્રમો જેવા તમામ અભ્યાસક્રમો કે જે ધોરણ-૧૦ પછીના ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમો માટેની કુલ – ૧૭ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની યોજનાઓ વર્ષ ૨૦૧૭-૧૮થી Digital Gujarat Portal પર તા.૧૬-૦૯-૨૦૧૭થી વિદ્યાર્થીઓને Online અરજીઓ કરવા ઉપલબ્ધ કરાવેલ છે. આ અરજીઓ મેળવવા અંગે વડી કચેરીએથી માહિતી ખાતાને જાહેરાત આપવામાં આવેલ છે. જેની જાણ જિલ્લા કક્ષાએ જાહેરાતની નકલ સહિત પત્ર નં- વિજાક/ શિક્ષણ / ૨૦૧૭-૧૮ / ૩૦૫૭-૩૦૯૦ તા.૨૧/૦૯/૨૦૧૭થી કરવામાં આવેલ છે. પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની યોજના (નીચે જણાવેલ લીસ્ટ પ્રમાણે) માટે વર્ષ ૨૦૧૭-૧૮થી https://www.digitalgujarat.gov.in પર Online કરી તા.૧૫/૧૧/૨૦૧૭ સુધીમાં સબંધિત યોજનાના જે તે અભ્યાસક્રમોમાં વર્ષ ૨૦૧૭-૧૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે Online અરજીઓ કરવા જણાવેલ છે. જેના અનુસંધાને નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગુ.રા.ગાંધીનગર દ્વારા તા.૧૯-૦૯-૨૦૧૭ના પત્રથી ઇ-જ્ઞાન પોટલ પર તથા સબંધિતોને જાણ કરેલ છે. (નકલ આ સાથે સામેલ છે.)

પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની Online કરેલ ૧૭ યોજનાઓમાં સરકારી આઇ.ટી.આઇ., ઉચ્ચત્તર માધ્યમિક શાળા, કોલેજો, યુનિવર્સિટીઓ વિગેરેને આપના જિલ્લાની ઉપરોકત સબંધિત શૈક્ષણિક સંસ્થાઓ જે તે જાતિના વિદ્યાર્થીઓને લાગુ પડતી જે તે યોજનાઓ માટે Online અરજીઓ થાય અને તેમાં શૈક્ષણિક સંસ્થાનો પુરતો સહયોગ મળે તે માટે જિલ્લા કક્ષાએથી વિગતવાર દરેક સંસ્થાઓને પરિપત્ર દિન-૦૫ માં કરી, વડી કચેરીને જાણ કરવાની રહેશે. તેમજ ટૂંક સમયમાં પોસ્ટ મેટ્રીક યોજનાઓનું કામ કરતાં કર્મચારીને તાલીમ માટેનું પણ આયોજન કરવામાં આવશે. જાહેરાતમાં જણાવ્યા પ્રમાણે જે યોજનામાં સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓ / કોલેજો લાગુ પડે છે. તે સિવાયમાં તમામ યોજનામાં સરકારી અને અનુદાનિત શૈક્ષણિક સંસ્થાઓ ગણવાની રહેશે.

➢ યોજનાઓની વિગત નીચે મુજબ છે .

| ક્રમ | યોજનાઓ | જાતિ | અભ્યાસક્રમ | વાર્ષિક આવક | રિમાકર્સ |
|---|---|---|---|---|---|
| ૧. | બીસીકે-૭૮, કન્યાઓ માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ (સા.શૈ.પ.વ.), | S.E.B.C કન્યાઓ | ધોરણ-૧૧, ૧૨ સહિત તેના પછીના તમામ અભ્યાસ | આવક મર્યાદા નથી. | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, સ્વનિર્ભર કોલેજો |
| ૨. | બીસીકે-૧૩૭ કન્યાઓ માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ (વિચરતી વિમુક્ત) | NT/DNT કન્યાઓ | ધોરણ-૧૧, ૧૨ સહિત તેના પછીના તમામ અભ્યાસ | આવક મર્યાદા નથી. | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, સ્વનિર્ભર કોલેજો |
| ૩. | બીસીકે- ૮૧ એ ભારત સરકારની OBCના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ. (સા.શૈ.પ.વ.) | S.E.B.C. કુમાર-કન્યા | ધોરણ-૧૧, ૧૨ સહિત તેના પછીના તમામ અભ્યાસ | રૂ.૧,૦૦,૦૦૦/- | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, સ્વનિર્ભર કોલેજો |
| ૪. | બીસીકે-૭૯ મેડીકલ, એન્જીનીયરીંગ, વિદ્યાર્થીઓને ભોજન બિલ સહાય (સા.શૈ.પ.વ.) | S.E.B.C. કુમાર-કન્યા | મેડીકલ, એન્જિનિયરીંગના કોલેજ સલગ્ન છાત્રાલયોમાં રહેતા વિદ્યાર્થીઓ | રૂ.૨,૫૦,૦૦૦/- | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, સ્વનિર્ભર કોલેજો |
| ૫. | બીસીકે-૮૦ મેડીકલ, એન્જીનીયરીંગ, ડીપ્લોમાના વિદ્યાર્થીઓને સાધન સહાય (સા.શૈ.પ.વ.) | S.E.B.C. કુમાર-કન્યા | મેડીકલ, ડીગ્રી એન્જિનિયરીંગ, ડીપ્લો ઇજનેરી પ્રથમ વર્ષ | રૂ.૨,૫૦,૦૦૦/- | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, સ્વનિર્ભર કોલેજો |
| ૬. | બીસીકે-૮૧ કુમાર માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ (સા.શૈ.પ.વ.) | S.E.B.C. કુમાર | ધોરણ-૧૧, ૧૨ સહિત તેના પછીના તમામ અભ્યાસ | ગ્રામ્ય વિસ્તાર – ૪૭,૦૦૦/- શહેરી વિસ્તાર – ૬૮,૦૦૦/- | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, કોલેજો |
| ૭. | બીસીકે-૧૩૮ કુમાર માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ (વિચરતી વિમુક્ત) | NT/DNT કુમાર | ધોરણ-૧૧, ૧૨ સહિત તેના પછીના તમામ અભ્યાસ | ગ્રામ્ય વિસ્તાર – ૪૭,૦૦૦/- શહેરી વિસ્તાર – ૬૮,૦૦૦/- | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, કોલેજો |
| ૮. | બીસીકે-૩૨૫ સ્વનિર્ભર કોલેજમાં અભ્યાસ કરતાં વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સહાય (વિચરતી વિમુક્ત) | NT/DNT કુમાર-કન્યા | સ્નાતક, અનુ સ્નાતક કક્ષાના તમામ અભ્યાસક્રમો | રૂ.૨,૦૦,૦૦૦/- | ફકત સ્વનિર્ભર કોલેજો |
| ૯. | બીસીકે-૯૮ એમ.ફીલ, પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓ માટેની ફેલોશીપ યોજના (સા.શૈ.પ.વ.) | S.E.B.C. | એમ.ફીલ, પી.એચ.ડી. મહા નિબંધ | રૂ.૪૫,૭૬૦/- | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, સ્વનિર્ભર કોલેજો |
| ૧૦. | બીસીકે-૮૩ તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમ માટેની સ્વામી વિવેકાનંદ યોજના (સા.શૈ.પ.વ.) | S.E.B.C. | સરકારી આઇ.ટી.આઇ. તમામ કોર્ષ | ગ્રામ્ય વિસ્તાર – ૪૭,૦૦૦/- શહેરી વિસ્તાર – ૬૮,૦૦૦/- | સરકારી આઇ.ટી.આઇ., સરકારી પોલીટેકનિક કોલેજો |

| ક્રમ | યોજનાઓ | જાતિ | અભ્યાસક્રમ | વાર્ષિક આવક | રિમાકર્સ |
|---|---|---|---|---|---|
| ૧૧. | બીસીકે-૮૩<br>તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમ માટેની સ્વામી વિવેકાનંદ યોજના (આ.પ.વ.) | E.B.C. | સરકારી આઇ.ટી.આઇ. તમામ કોર્ષ | ગ્રામ્ય વિસ્તાર – ૪૭,૦૦૦/-<br>શહેરી વિસ્તાર – ૬૮,૦૦૦/- | સરકારી આઇ.ટી.આઇ., સરકારી પોલીટેકનિક કોલેજો |
| ૧૨. | બીસીકે-૮૩<br>તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમ માટેની સ્વામી વિવેકાનંદ યોજના (લઘુમતિ) | Minority | સરકારી આઇ.ટી.આઇ. તમામ કોર્ષ | ગ્રામ્ય વિસ્તાર – ૪૭,૦૦૦/-<br>શહેરી વિસ્તાર – ૬૮,૦૦૦/- | સરકારી આઇ.ટી.આઇ., સરકારી પોલીટેકનિક કોલેજો |
| ૧૩. | બીસીકે-૧૩૯<br>તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમ માટેની સ્વામી વિવેકાનંદ યોજના (વિચરતી વિમુક્ત) | NT/DNT | સરકારી આઇ.ટી.આઇ. તમામ કોર્ષ | ગ્રામ્ય વિસ્તાર – ૪૭,૦૦૦/-<br>શહેરી વિસ્તાર – ૬૮,૦૦૦/- | સરકારી આઇ.ટી.આઇ., સરકારી પોલીટેકનિક કોલેજો |
| ૧૪. | બીસીકે-૮૨<br>ઉચ્ચત્તર માધ્યમિક શિષ્યવૃત્તિ (સા.શૈ.પ.વ.) | S.E.B.C. | | ગ્રામ્ય વિસ્તાર – ૪૭,૦૦૦/-<br>શહેરી વિસ્તાર – ૬૮,૦૦૦/- | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, માધ્યમિક શાળા |
| ૧૫. | બીસીકે-૮૨<br>ઉચ્ચત્તર માધ્યમિક શિષ્યવૃત્તિ (આ.પ.વ.) | E.B.C. | | ગ્રામ્ય વિસ્તાર – ૪૭,૦૦૦/-<br>શહેરી વિસ્તાર – ૬૮,૦૦૦/- | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, માધ્યમિક શાળા |
| ૧૬. | બીસીકે-૮૨<br>ઉચ્ચત્તર માધ્યમિક શિષ્યવૃત્તિ (લઘુમતિ) | Minority | | ગ્રામ્ય વિસ્તાર – ૪૭,૦૦૦/-<br>શહેરી વિસ્તાર – ૬૮,૦૦૦/- | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, માધ્યમિક શાળા |
| ૧૭. | બીસીકે-૮૧ સી<br>ડૉ.બાબાસાહેબ આંબેડકર અને ઇન્દિરા ગાંધી ઓપન યુનિવર્સીટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ (સા.શૈ.પ.વ.) | S.E.B.C. | ડીસ્ટન્સ લર્નિંગ કોર્ષ | ગ્રામ્ય વિસ્તાર – ૪૭,૦૦૦/-<br>શહેરી વિસ્તાર – ૬૮,૦૦૦/- | ઇન્દીરા ગાંધી, આંબેડકર ઓપન યુનિવર્સિટી |

૧. <u>વિદ્યાર્થીઓ માટેઃ-</u>

(૧) પ્રથમ વિદ્યાર્થીઓએ **Digital Gujarat Portal** વેબસાઇટ પર **citizen** તરીકે **Login** થઇ નવું રજીસ્ટ્રેશન આધાર નંબર, ઇ-મેઇલ આઇ.ડી. પોતે નક્કી કરેલ પાસવર્ડ દ્વારા રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશનમાં **E-mail ID** ફરજીયાત હોવાથી વિદ્યાર્થીઓનું **E-mail ID** ફરજીયાત છે. રજીસ્ટ્રેશન થયા બાદ પુનઃ **Login** કરી પ્રોફાઇલ્સ **Update** કરવાની રહેશે.

(૨) પ્રોફાઇલ્સ **Update** બાદ વિદ્યાર્થી જે જાતિના હોય, જે તે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય, તેઓએ **Director Developing Caste Select** કરતાં **Online** થયેલી તમામ યોજનાઓ જોવા મળશે. ત્યારબાદ લાગુ પડતી યોજનાના ૧ થી ૪ **Tab**ના ફીલ્ડની તમામ માહિતીનું Online અરજી પત્રક ભરી Online જે તે યોજનામાં દર્શાવેલ જરૂરી સાધનિક કાગળો, દરેક વિદ્યાર્થીએ તેનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો **JPEG (*.jpg, *jpeg, *jpe)** ફોર્મેટમાં ૨૦૦ **Kb**થી ઓછી સાઈઝમાં અપલોડ કરવાના રહેશે. તમામ સાધનિક કાગળો, ફોટો **Upload** કરી, પૂરેપૂરૂ અરજી પત્રક ભરાયા બાદ ફાઇનલ કરી, **Submit** કરવાનું રહેશે. જાતિ અને આવક અંગેનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારી જેવા કે આવક માટે મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રીનું પ્રમાણપત્રની નકલ અપલોડ કરવાની રહેશે.

(૩) પ્રોફાઇલ રજીસ્ટ્રેશન કરાવેલ હોય (જેમ કે વર્ષ ૨૦૧૭-૧૮માં સમરસ છાત્રાલયમાં પ્રવેશ માટે **Online** અરજી કરેલ હોય) તેઓએ ફરીથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે નહી. તેઓએ સીધા **Login ID-PASSWARD** વડે જે તે લાગુ પડતી યોજનામાં હોય તે યોજનામાં અરજી કરવાની રહેશે.

(૪) તમામ વિદ્યાર્થીઓના નામની વિગતો સાથે આધાર નંબર અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) કરવું જરૂરી છે. આથી, તમામ વિદ્યાર્થીઓ તેમના આધાર કાર્ડ અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) જો બાકી હોય તો તાત્કાલિક પોતાની બેન્ક એકાઉન્ટ લીકીંગ (સીડીંગ) કરાવવાનું રહેશે. દરેક વિદ્યાર્થીદીઠ એક મોબાઇલ નંબર તથા એક ઇ-મેઇલ આઇ.ડી. યુઝ કરવા દેવામાં આવશે.

(૫) હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ હોસ્ટેલર અંગેનું સર્ટીફીકેટ પોર્ટલ પરથી ડાઉનલોડ કરીને હોસ્ટેલના સબંધિત કર્મચારીના સહી/સિક્કા કરાવીને સ્કેન કરીને અપલોડ કરવાના રહેશે.

(૬) પોર્ટલ પર અરજી કરવા માટેની આખરી તા.૧૫/૧૧/૨૦૧૭ નિયત થયેલ છે. હાલમાં આ તારીખ છેલ્લી છે. તે બાબત ધ્યાને લઇ તા.૧૫/૧૧/૨૦૧૭ સુધીમાં તમામ વિદ્યાર્થીઓએ બિનચૂક ઉપરોકત પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરી **Online** અરજી કરવાની રહેશે.

(૭) જે જિલ્લાનાં મૂળવતની હોય તેવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓએ ફક્ત બીસીકે-૭૮, ૮૧-એ, વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીએ બીસીકે-૧૩૭, ૩૨૫ યોજનાઓમાં જો ગુજરાત રાજ્ય બહાર માન્યતા પ્રાપ્ત સંસ્થામાં અભ્યાસ કરતાં હોય તો તેઓએ **Online** કરેલ **Application** ફોર્મ સાથે અપલોડ કરેલ તમામ ડોકયુમેન્ટની નકલ તથા સંસ્થાની માન્યતા, તેના અભ્યાસક્રમની માન્યતાઅને સંસ્થાની ફી મંજૂરીના આદેશની નકલ મૂળ વતનના જિલ્લાની કચેરીએ જમા કરાવવાની રહેશે.

(૮) ઇન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (ઇગ્નુ) તથા ડાં.બાબાસાહેબ ઓપન યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીએ બીસીકે-૮૧-સીની યોજનામાં **Online** અરજી પત્રક કરી, તેમના સ્ટડી સેન્ટરમાં એપ્લીકેશન જમાં કરાવીને દરેક સ્ટડી સેન્ટરે તે અરજી પત્રકો તેઓના અમદાવાદ ખાતેના **Regional Center** ખાતે જમા કરાવવાના રહેશે.

(૯) આ પોસ્ટ મેટ્રીક યોજનાઓ સરકારી આઇ.ટી.આઇ., સરકારી / ગ્રાન્ટેડ ઉચ્ચત્તર માધ્યમિક શાળા, સરકારી / ગ્રાન્ટેડ કોલેજોના વિદ્યાર્થીઓ માટે છે. જે સ્વનિર્ભર કોલેજો જે યોજનામાં વિદ્યાર્થીઓને લાગુ પડે તે તેમાં બીસીકે-૭૮, બીસીકે-૭૯, બીસીકે-૮૦, બીસીકે-૮૧ એ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે તેમજ બીસીકે-૧૩૭ વિચરતી-વિમુક્ત જાતિના સ્વનિર્ભર કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને લાગુ પડે છે. જયારે બીસીકે-૩૨૫ ફકત ને ફકત વિચરતી-વિમુક્ત જાતિ માટે સ્વનિર્ભર કોલેજો માટેની યોજના છે.

૨. <u>સરકારી આઇ.ટી.આઇ., ઉચ્ચત્તર માધ્યમિક શાળા / તમામ પ્રકારની કોલેજોએ કરવાની કાર્યવાહીઃ-</u>

(૧) કોલેજ કક્ષાની દરેક સસ્થાએ તેનો **Login ID** જે તે સંસ્થાનો **AISHE** કોડ રહેશે. નવી સંસ્થાએ તે કોડ મેળવવાનો રહેશે. જે સંસ્થાએ વર્ષ ૨૦૧૭-૧૮માં **Digital Gujarat Portal** પર ટેબલેટ સહાયના ફોર્મ ભર્યા હશે તે જ **Login** અને **Password** તેમનો રહેશે. ધોરણ-૧૧,૧૨માં દરેક ઉચ્ચત્તર માધ્યમિક શાળાનો **DISE** કોડ તેનો **Login ID** રહેશે. સરકારી આઇ.ટી.આઇમાં **SSO** કોડ તેનો **Login ID** રહેશે.

(૨) આ શિષ્યવૃતિ યોજનાઓનુ પ્રથમ વખત **Online** અમલીકરણ હોવાથી એક ઝુંબેશના ભાગ રૂપે સરકારી આઇ.ટી.આઇ., ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓએ ઉક્ત ૧૭ યોજનાઓ પૈકી લાગુ પડતી કેટેગરી - જાતિ મુજબના વિદ્યાર્થીઓને મહત્તમ લાભ લઇ શકે તે માટે જરૂરી પરીપત્ર કરી, સંસ્થાના નોટીસ બોર્ડ પર મુકી આ બાબતો પ્રસિદ્ધ કરી વિદ્યાર્થીઓના ધ્યાન પર લાવવા જણાવવામાં આવે છે. વધુમાં જો સરકારી આઇ.ટી.આઇ., ઉચ્ચત્તર માધ્યમિક શાળા / કોલેજો / યુનિવર્સિટીમાં ઇન્ટરનેટની સુવિધા હોય, આઇ.ટી.ના જાણકાર કર્મચારીની મદદથી વિદ્યાર્થીઓ માટે આ **Online** અરજી સાથે **Upload** કરવાના સાધનિક કાગળો મેળવી વિદ્યાર્થી વાઇઝ **Digital Gujarat Portal** પર વિદ્યાર્થીને સાથે રાખી રજીસ્ટ્રેશન કરી લાગુ પડતી યોજનાઓના **Online** અરજીપત્રકો ભરવાની કામગીરી સરકારી આઇ.ટી.આઇ., ઉચ્ચત્તર માધ્યમિક શાળા / કોલેજો / યુનિવર્સિટીના સહયોગથી તા: ૧૫/૧૧/૨૦૧૭ સુધીમાં કરાવવાની રહેશે. **Online** અરજી પ્રકિયા પૂર્ણ થયે તેની પ્રિન્ટ તથા સાધનિક કાગળો સાથેની અરજી જે તે શાળા/કોલેજ/ યુનિવર્સિટીના શિષ્યવૃતિની કામગીરી સંભાળતી શાખાએ એકત્રિત કરી રાખવાની રહેશે. તેના આધારે **Online** વેરીફીકેશનની કામગીરી સમય મર્યાદામાં કરવાની રહેશે.

(3) વિદ્યાર્થીઓની કામગીરી બાદ શિક્ષણ વિભાગની ચાલુ વર્ષની ટેબલેટ સહાયની યોજના મુજબ જે **User ID/Password** મળેલ છે તેના આધારે સરકારી આઇ.ટી.આઇ., ઉચ્ચતર માધ્યમિક શાળા, કોલેજો, યુનિવર્સિટીએ ઉક્ત વિદ્યાર્થીઓની **Online Application**ની **Verification**ની કામગીરી કરી **Higher Authority** એટલે કે સંબધિત જિલ્લા કચેરીને **Online Forward** કરવાની થાય છે. પ્રથમ વખત લોગીન થયા બાદ **Default** પાસવર્ડ **Change** કરવાનો રહેશે. અત્રે પ્રથમ વખત લોગીન થયેથી તમામ કોલેજ / યુનિવર્સિટીને પોતાની પ્રોફાઇલ અપડેટ કરવાની રહેશે તેમજ કોલેજ / યુનિવર્સિટીમાં જે કોર્ષ ચાલતા હોય તેની વિગતો અપડેટ કરવાની રહેશે. જેથી **Online** અરજી કરતી વખતે **Website** પર વિદ્યાર્થીઓની કોર્ષની વિગતો જોવા મળશે. આ કોર્ષ **Select** કરી અરજીપત્રકો **Online** ભરી શકાશે.

ઉક્ત બાબતો ધ્યાને લઇ સરકારી આઇ.ટી.આઇ., ઉચ્ચત્તર માધ્યમિક શાળા, કોલેજો, યુનિવર્સિટીઓ Online વેરીફીકેશન કરવાનું થાય છે. જેથી તેના બહોળા પ્રચાર-પ્રસાર તથા ઝુંબેશના ભાગરૂપે શાળા – કોલેજો કાર્યવાહી કરે તે માટે આપની કક્ષાએ તમામ સંબધિતોને સુચના આપવા વિનંતી છે.

(ડી.આર. પટેલ)
સંયુક્ત નિયામક
વિકસતી જાતી કલ્યાણ
ગુજરાત રાજય, ગાંધીનગર

બિડાણઃ

1. ઉચ્ચ શિક્ષણ
2. જાહેરાતની નકલ
3. વિદ્યાર્થીઓ માટેની સુચનાઓ
4. સરકારી આઇ.ટી.આઇ., ઉચ્ચત્તર માધ્યમિક શાળા / તમામ પ્રકારની કોલેજોએ કરવાની કાર્યવાહી

ખાસ જરૂરી
તાત્કાલિક
**Digital Gujarat Portal**

ક્રમાંક/ શિષ્યવૃતિ/૨૦૧૭-૧૮/૪૨૦૧-૪૭૫૨
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
બ્લોકનં:૧૨, જિ. ગાંધીનગર
તા.૧૯/૦૯/૨૦૧૭

પ્રતિ,

ઉપકુલપતિશ્રી, યુનિવર્સિટીઓ, તમામ
આચાર્યશ્રી, સરકારી અને બિન સરકારી કોલેજો, તમામ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ

વિષયઃ- રાજ્ય સરકારશ્રીની અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, આર્થિક રીતે પછાતવર્ગ, લઘુમતી અને વિચરતી અને વિમુક્તિ જાતિની ધો:૧૦ પછીની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિની વિવિધ યોજનાઓ **Digital Gujarat Portal** પર વર્ષ ૨૦૧૭-૧૮થી **Online** કરવા બાબત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર હેઠળના **Director, Developing Caste Welfare** (નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ) ખાતાની સામાજિક અને શૈક્ષણીક રીતે પછાતવર્ગ **(S.E.B.C.)**, આર્થિક રીતે પછાતવર્ગ **(E.B.C.)**, વિચરતી અને વિમુક્તિ જાતિ **(NTDNT)** તેમજ લઘુમતી **(Minority)** જાતિની કુલ -૧૭ યોજનાઓ, **Director, Schedule Caste Welfare** (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ) ખાતાની અનુસૂચિત જાતિ **(SC)**ના વિદ્યાર્થીઓની કુલ-૬ યોજના તેમજ સરકારશ્રીના આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર હેઠળના **Commissioner, Tribal Development** (કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ) ખાતાની અનુસૂચિત જન જાતિ **(ST)**ના વિદ્યાર્થીઓની કુલ-૬ યોજના એમ કુલ મળી ત્રણેય ખાતાની કુલ-૨૯ યોજનાઓ ધોરણ:૧૦ પછીના તમામ અભ્યાસક્રમો માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજના, ફુડબીલ સહાય યોજના, સાધન સહાય યોજના, એમ.ફીલ-પી.એચ.ડી સહાય યોજના, જેવી વિવિધ યોજનાઓની **Online** અરજીપત્રકો મેળવવાની કામગીરી વર્ષ ૨૦૧૭-૧૮થી ગુજરાત સરકારશ્રીએ **NIC** મારફતે **Digital Gujarat Portal** વેબસાઇટ **https://www.digitalgujarat.gov.in** ઉપર **Online** કરવાનુ ઉપલબ્ધ કરાવેલ છે.

આ શિષ્યવૃતિ યોજનાઓનુ પ્રથમ વખત **Online** અમલીકરણ હોવાથી એક ઝુંબેશના ભાગ રૂપે ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓએ ઉક્ત ૨૯-યોજનાઓમાં કેટેગરી – જાતિ મુજબ લાગુ પડતા વિદ્યાર્થીઓને મહત્તમ લાભ લઇ શકે તે માટે જરૂરી પરીપત્ર કરી, સંસ્થાના નોટીસ બોર્ડ પર મુકી આ બાબતો પ્રસિદ્ધ કરી વિદ્યાર્થીઓના ધ્યાન પર લાવવા જણાવવામાં આવે છે. વધુમાં જો શાળા / કોલેજો / યુનિવર્સિટીમાં ઇન્ટરનેટની સુવિધા હોય, આઇ.ટી.ના જાણકાર કર્મચારીની મદદથી વિદ્યાર્થીઓ માટે આ **Online** અરજી સાથે **Upload** કરવાના સાધનિક કાગળો મેળવી વિદ્યાર્થી વાઇઝ **Digital Gujarat Portal** પર વિદ્યાર્થીને સાથે રાખી રજીસ્ટ્રેશન કરી લાગુ પડતી યોજનાઓના **Online** અરજીપત્રકો ભરવાની કામગીરી શાળા/કોલેજો/યુનિવર્સિટીના સહયોગથી તા: ૧૫/૧૧/૨૦૧૭ સુધીમાં કરાવવાની રહેશે. **Online** અરજી પ્રકિયા પૂર્ણ થયે તેની પ્રિન્ટ તથા સાધનિક કાગળો સાથેની અરજી જે તે શાળા/કોલેજ/ યુનિવર્સિટીના શિષ્યવૃતિની કામગીરી સંભાળતી શાખાએ એકત્રિત કરી રાખવાની રહેશે.

વિદ્યાર્થીઓની કામગીરી બાદ શિક્ષણ વિભાગની ચાલુ વર્ષની ટેબલેટ સહાયની યોજના મુજબ જે User ID/Password મળેલ છે તેના આધારે ઉચ્ચતર માધ્યમિક શાળા, કોલેજો, યુનિવર્સિટીએ ઉક્ત વિદ્યાર્થીઓની Online Applicationની Verificationની કામગીરી કરી Higher Authority એટલે કે સંબધિત જિલ્લા કચેરીને Online Forward કરવાની થાય છે. ટેબ્લેટ યોજનામાં જો User ID/Password ન મળેલ હોય તો આવી શાળા/કોલેજ/યુનિવર્સિટી માટે Dise Code/Aishe Code User ID તરીકે ગણવાનો રહેશે અને Default પાસવર્ડ Abcd@123 ગણવાનો રહેશે. પ્રથમ વખત લોગીન થયા બાદ Default પાસવર્ડ Change કરવાનો રહેશે. અત્રે પ્રથમ વખત લોગીન થયેથી તમામ કોલેજ/યુનિવર્સિટીને પોતાની પ્રોફાઇલ અપડેટ કરવાની રહેશે તેમજ કોલેજ / યુનિવર્સિટીજે કોર્ષ ચાલતા હોય તેની વિગતો અપડેટ કરવાની રહેશે. જેથી Online અરજી કરતી વખતે Website પર વિદ્યાર્થીઓની કોર્ષની વિગતો જોવા મળશે. આ કોર્ષ Select કરી અરજીપત્રકો Online ભરી શકાશે.

ઉક્ત બાબતો ધ્યાને લઇ તેનો બહોળો પ્રચાર-પ્રસાર કરવા, Online અરજીપત્રકો ભરાવવા, વેરીફીકેશન કરવા વિગેરે બાબતોને પ્રાયોરીટી આપી કામગીરી કરવા આથી સૂચના આપવામાં આવે છે.

નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચે
ગુજરાત રાજય, ગાંધીનગર

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
## નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
## ભારત સરકાર / રાજ્ય સરકારની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ Online કરવા બાબત.

https://www.digitalgujarat.gov.in

સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ હેઠળના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર હેઠળની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC), વિચરતી-વિમુક્ત જાતિ (NT/DNT), આર્થિક રીતે પછાત વર્ગ (EBC), લઘુમતિ (Minority) પછાત વર્ગોની ભારત સરકાર, રાજ્ય સરકાર દ્વારા અમલિત વિવિધ શિષ્યવૃત્તિ યોજનાઓમાં સરકારી આઇ.ટી.આઇ.ના અભ્યાસક્રમો, ધોરણ-૧૧,૧૨, સ્નાતક, અનુસ્નાતક, પીએચડી મેડીકલ, એન્જીનીયરીંગના વ્યવસાયિક અભ્યાસક્રમો જેવા તમામ ડીપ્લોમાં સહિત ધોરણ-૧૦ પછીના ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમો માટેની કુલ - ૧૭ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની યોજનાઓ (વેબસાઇટ પર બતાવેલ લીસ્ટ પ્રમાણે) માટે વર્ષ ૨૦૧૭-૧૮થી https://www.digitalgujarat.gov.in પર Online કરી તા.૧૫/૧૧/૨૦૧૭ સુધીમાં સબંધિત યોજનાના જે તે અભ્યાસક્રમોમાં વર્ષ ૨૦૧૭-૧૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે Online અરજીઓ કરવા જણાવવામાં આવે છે. ત્યારબાદ મંજૂર થયેથી ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (D.B.T.) હેઠળ મંજૂર થયેલી અરજીના વિદ્યાર્થીઓના બેન્ક ખાતામાં શિષ્યવૃત્તિ જમા કરવામાં આવશે.

૧. વિદ્યાર્થીઓ માટેઃ-

(૧) પ્રથમ વિદ્યાર્થીઓએ Digital Gujarat Portal વેબસાઇટ પર citizen તરીકે Login થઇ નવું રજીસ્ટ્રેશન આધાર નંબર, ઇ-મેઇલ આઇ.ડી. પોતે નક્કી કરેલ પાસવર્ડ દ્વારા રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશનમાં E-mail ID ફરજીયાત હોવાથી વિદ્યાર્થીઓનું E-mail ID ફરજીયાત છે. રજીસ્ટ્રેશન થયા બાદ પુનઃ Login કરી પ્રોફાઇલ્સ Update કરવાની રહેશે.

(૨) પ્રોફાઇલ્સ Update બાદ વિદ્યાર્થી જે જાતિના હોય, જે તે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય, તેઓએ Director Developing Caste Select કરતાં Online થયેલી તમામ યોજનાઓ જોવા મળશે. ત્યારબાદ લાગુ પડતી યોજનાના ૧ થી ૪ Tabના ફીલ્ડની તમામ માહિતીનું Online અરજી પત્રક ભરી Online જે તે યોજનામાં દર્શાવેલ જરૂરી સાધનિક કાગળો, દરેક વિદ્યાર્થીએ તેનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો JPEG (*.jpg, *jpeg, *jpe) ફોર્મેટમાં ૨૦૦ Kbથી ઓછી સાઈઝમાં અપલોડ કરવાના રહેશે. તમામ સાધનિક કાગળો, ફોટો Upload કરી, પૂરેપૂરૂ અરજી પત્રક ભરાયા બાદ ફાઇનલ કરી, Submit કરવાનું રહેશે. જાતિ અને આવક અંગેનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારી જેવા કે આવક માટે મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રીનું પ્રમાણપત્રની નકલ અપલોડ કરવાની રહેશે.

(૩) પ્રોફાઇલ રજીસ્ટ્રેશન કરાવેલ હોય (જેમ કે વર્ષ ૨૦૧૭-૧૮માં સમરસ છાત્રાલયમાં પ્રવેશ માટે Online અરજી કરેલ હોય) તેઓએ ફરીથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે નહી. તેઓએ સીધા Login ID-PASSWARD વડે જે તે લાગુ પડતી યોજનામાં હોય તે યોજનામાં અરજી કરવાની રહેશે.

(૪) તમામ વિદ્યાર્થીઓના નામની વિગતો સાથે આધાર નંબર અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) કરવું જરૂરી છે. આથી, તમામ વિદ્યાર્થીઓ તેમના આધાર કાર્ડ અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) જો બાકી હોય તો તાત્કાલિક પોતાની બેન્ક એકાઉન્ટ લીકીંગ (સીડીંગ) કરાવવાનું રહેશે. દરેક વિદ્યાર્થીદીઠ એક મોબાઇલ નંબર તથા એક ઇ-મેઇલ આઇ.ડી. યુઝ કરવા દેવામાં આવશે.

(૫) હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ હોસ્ટેલર અંગેનું સર્ટીફીકેટ પોર્ટલ પરથી ડાઉનલોડ કરીને હોસ્ટેલના સબંધિત કર્મચારીના સહી/સિક્કા કરાવીને સ્કેન કરીને અપલોડ કરવાના રહેશે.

(૬) પોર્ટલ પર અરજી કરવા માટેની આખરી તા.૧૫/૧૧/૨૦૧૭ નિયત થયેલ છે. હાલમાં આ તારીખ છેલ્લી છે. તે બાબત ધ્યાને લઇ તા.૧૫/૧૧/૨૦૧૭ સુધીમાં તમામ વિદ્યાર્થીઓએ બિનચૂક ઉપરોકત પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરી Online અરજી કરવાની રહેશે.

(૭) જે જિલ્લાનાં મૂળવતની હોય તેવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓએ ફક્ત બીસીકે-૭૮, ૮૧-એ, વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીએ બીસીકે-૧૩૭, ૩૨૫ યોજનાઓમાં જો ગુજરાત રાજ્ય બહાર માન્યતા પ્રાપ્ત સંસ્થામાં અભ્યાસ કરતાં હોય તો તેઓએ Online કરેલ Application ફોર્મ સાથે અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટની નકલ તથા સંસ્થાની માન્યતા, તેના અભ્યાસક્રમની માન્યતાઅને સંસ્થાની ફી મંજૂરીના આદેશની નકલ મૂળ વતનના જિલ્લાની કચેરીએ જમા કરાવવાની રહેશે.

(૮) ઇન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (ઇગ્નુ) તથા ડૉ.બાબાસાહેબ ઓપન યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીએ બીસીકે-૮૧-સીની યોજનામાં Online અરજી પત્રક કરી, તેમના સ્ટડી સેન્ટરમાં એપ્લીકેશન જમાં કરાવીને દરેક સ્ટડી સેન્ટરે તે અરજી પત્રકો તેઓના અમદાવાદ ખાતેના Regional Center ખાતે જમા કરાવવાના રહેશે.

(૯) આ પોસ્ટ મેટ્રીક યોજનાઓ સરકારી આઇ.ટી.આઇ., સરકારી / ગ્રાન્ટેડ ઉચ્ચત્તર માધ્યમિક શાળા, સરકારી / ગ્રાન્ટેડ કોલેજોના વિદ્યાર્થીઓ માટે છે. જે સ્વનિર્ભર કોલેજો જે યોજનામાં વિદ્યાર્થીઓને લાગુ પડે તે તેમાં બીસીકે-૭૮, બીસીકે-૭૯, બીસીકે-૮૦, બીસીકે-૮૧ એ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે તેમજ બીસીકે-૧૩૭ વિચરતી-વિમુક્ત જાતિના સ્વનિર્ભર કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને લાગુ પડે છે. જયારે બીસીકે-૩૨૫ ફકત ને ફકત વિચરતી-વિમુક્ત જાતિ માટે સ્વનિર્ભર કોલેજો માટેની યોજના છે.

૨. <u>સરકારી આઇ.ટી.આઇ., ઉચ્ચત્તર માધ્યમિક શાળા / તમામ પ્રકારની કોલેજોએ કરવાની કાર્યવાહીઃ-</u>

(૧) કોલેજ કક્ષાની દરેક સસ્થાએ તેનો Login ID જે તે સંસ્થાનો AISHE કોડ રહેશે. નવી સંસ્થાએ તે કોડ મેળવવાનો રહેશે. જે સંસ્થાએ વર્ષ ૨૦૧૭-૧૮માં Digital Gujarat Portal પર ટેબલેટ સહાયના ફોર્મ ભર્યા હશે તે જ Login અને Password તેમનો રહેશે. ધોરણ-૧૧,૧૨માં દરેક ઉચ્ચત્તર માધ્યમિક શાળાનો DISE કોડ તેનો Login ID રહેશે. સરકારી આઇ.ટી.આઇમાં SSO કોડ તેનો Login ID રહેશે.

(૨) આ શિષ્યવૃતિ યોજનાઓનુ પ્રથમ વખત Online અમલીકરણ હોવાથી એક ઝુંબેશના ભાગ રૂપે સરકારી આઇ.ટી.આઇ., ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓએ ઉક્ત ૧૭ યોજનાઓ પૈકી લાગુ પડતી કેટેગરી - જાતિ મુજબના વિદ્યાર્થીઓને મહત્તમ લાભ લઇ શકે તે માટે જરૂરી પરીપત્ર કરી, સંસ્થાના નોટીસ બોર્ડ પર મુકી આ બાબતો પ્રસિદ્ધ કરી વિદ્યાર્થીઓના ધ્યાન પર લાવવા જણાવવામાં આવે છે. વધુમાં જો સરકારી આઇ.ટી.આઇ., ઉચ્ચત્તર માધ્યમિક શાળા / કોલેજો / યુનિવર્સિટીમાં ઇન્ટરનેટની સુવિધા હોય, આઇ.ટી.ના જાણકાર કર્મચારીની મદદથી વિદ્યાર્થીઓ માટે આ Online અરજી સાથે Upload કરવાના સાધનિક કાગળો મેળવી વિદ્યાર્થી વાઇઝ Digital Gujarat Portal પર વિદ્યાર્થીને સાથે રાખી રજીસ્ટ્રેશન કરી લાગુ પડતી યોજનાઓના Online અરજીપત્રકો ભરવાની કામગીરી સરકારી આઇ.ટી.આઇ., ઉચ્ચત્તર માધ્યમિક શાળા / કોલેજો / યુનિવર્સિટીના સહયોગથી તા: ૧૫/૧૧/૨૦૧૭ સુધીમાં કરાવવાની રહેશે. Online અરજી પ્રકિયા પૂર્ણ થયે તેની પ્રિન્ટ તથા સાધનિક કાગળો સાથેની અરજી જે તે શાળા/કોલેજ/ યુનિવર્સિટીના શિષ્યવૃતિની કામગીરી સંભાળતી શાખાએ એકત્રિત કરી રાખવાની રહેશે. તેના આધારે Online વેરીફીકેશનની કામગીરી સમય મર્યાદામાં કરવાની રહેશે.

(૩) વિદ્યાર્થીઓની કામગીરી બાદ શિક્ષણ વિભાગની ચાલુ વર્ષની ટેબલેટ સહાયની યોજના મુજબ જે User ID/Password મળેલ છે તેના આધારે સરકારી આઇ.ટી.આઇ., ઉચ્ચતર માધ્યમિક શાળા, કોલેજો, યુનિવર્સિટીએ ઉકત વિદ્યાર્થીઓની Online Applicationની Verificationની કામગીરી કરી Higher Authority એટલે કે સંબધિત જિલ્લા કચેરીને Online Forward કરવાની થાય છે. પ્રથમ વખત લોગીન થયા બાદ Default પાસવર્ડ Change કરવાનો રહેશે. અત્રે પ્રથમ વખત લોગીન થયેથી તમામ કોલેજ / યુનિવર્સિટીને પોતાની પ્રોફાઇલ અપડેટ કરવાની રહેશે તેમજ કોલેજ / યુનિવર્સિટીમાં જે કોર્ષ ચાલતા હોય તેની વિગતો અપડેટ કરવાની રહેશે. જેથી Online અરજી કરતી વખતે Website પર વિદ્યાર્થીઓની કોર્ષની વિગતો જોવા મળશે. આ કોર્ષ Select કરી અરજીપત્રકો Online ભરી શકાશે.

(કે.જી. વણઝારા)
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

# ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC), વિચરતી-વિમુક્ત જાતિ (NT/DNT), આર્થિક રીતે પછાત વર્ગ (EBC), લઘુમતિ (Minority) પછાત વર્ગોના વિધાર્થીઓની પોસ્ટમેટ્રીક સ્કોલરશીપ માટે ઓનલાઇન અરજી કરવા અંગેની અગત્યની માર્ગદર્શક સુચનાઓ

નિયામક, વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજય
ગાંધીનગર

## સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC), વિચરતી-વિમુક્ત જાતિ (NT/DNT), આર્થિક રીતે પછાત વર્ગ (EBC), લઘુમતિ (Minority) પછાત વર્ગોના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના www.digitalgujarat.gov.in અરજી પત્રકો ભરવા અંગેની સુચનાઓ

## ઓનલાઇન ફોર્મ ભરતાં પહેલા સૂચનાઓ વાંચ્યા પછી જ ભરવું.

સૌપ્રથમ વિધાર્થીએ ઓનલાઇન ફોર્મ ભરવા માટે www.digitalgujarat.gov.in પર લોગીન કરવું.

૧. જે વિદ્યાર્થી હોસ્ટેલમાં રહેતા હોય તે વિદ્યાર્થીએ તેમનાં હોસ્ટેલમાં રહેવા અંગેનુ પ્રમાણપત્રનો નમૂનો ડાઉનલોડ કરીને વોર્ડનશ્રી/હાઉસમાસ્ટરશ્રીનાં સહી સિક્કા કરાવીને અપલોડ કરવાના રહેશે.
વિદ્યાર્થીએ ઓનલાઇન ફોર્મ ભરતી વખતે નીચે મુજબની વિગતો પોતાની સાથે ફરજીયાત રાખીને બેસવું.

- આધારકાર્ડ
- બેંક/પોસ્ટ પાસબુક જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (IFSC), બેંકની શાખા દર્શાવેલ હોય.જો પાસબુક ન હોય તો કેન્સલ ચેક જેમાં નામ,આઇએફએસસી કોડ, એકાઉન્ટ નંબર દર્શાવેલ હોત તે પણ ચાલશે.
- હાલના અભ્યાસક્રમના શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવેલ તારીખ
- હાલના અભ્યાસક્રમના શૈક્ષણિક વર્ષ પૂર્ણ થવાની અંદાજીત તારીખ
- છેલ્લે પાસ કરેલ પરીક્ષાની માર્કશીટ
- વિદ્યાર્થીનો પોતાનો જાતિનો દાખલો (સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ)
- વિદ્યાર્થીનાં કુટુંબનો ગત નાણાંકીય વર્ષનો આવકનો દાખલો (સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ)
- વિદ્યાથીનો પોતાનો મોબાઇલ નંબર અને ઇ-મેઇલ આઇ.ડી.
- વિદ્યાર્થીએ ભરેલ ફીની પહોંચ
- પાસપોર્ટ સાઇઝનો ફોટો
- ધોરણ-૧૦ પાસ કર્યાની માર્કશીટ

જે વિદ્યાર્થી પ્રથમ વર્ષ ડીગ્રી ઇજનેરી/ ડીપ્લોમા ઇજનેરી, એમબીબીએસમાં અભ્યાસ કરતો હોય તો સાધન ખરીદીનું બીલ અપલોડ કરવાનું રહેશે.

૨. વિદ્યાર્થીએ ઓનલાઇન ફોર્મ ભરતી વખતે ખાસ ધ્યાનમાં રાખવાનુ છે કે તેનો પોતાનો ઇ-મેઇલ એડ્રેસ હોવું જરૂરી છે જો તે ન હોય તો તેને તાત્કાલિક ઇ-મેઇલ આઇ.ડી બનાવવાનું રહેશે.

3. ઓનલાઇન ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીના મોબાઇલ નંબર પર OTP (ONE TIME PASSWORD) આવશે. તેમજ ભવિષ્યમાં જરૂરી મેસેજ તથ સુચનાઓ આવશે. તેથી પોતાનો મોબાઇલ નંબર ઓનલાઇન ફોર્મ ભરતી વખતે રજીસ્ટ્રર કરાવવો જરૂરી છે.પાસવર્ડ પણ રીસેટ કરી શકશો.

૪. એક મોબાઇલ નંબર અને એક જ ઇ-મેઇલ એડ્રેસથી એક જ વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન થઇ શકશે.

૫. વિદ્યાર્થી દ્વારા ઓનલાઇન રજીસ્ટ્રેશન કરતી વખતે પોતાના બેંક ખાતાનો નંબર અને જે બેંક એકાઉન્ટ (ખાતા) નંબર, આધાર નંબર સાથે લીંક કરેલ હોય તે જે એકાઉન્ટ નંબર જ ભરવાનો (ડેટા એન્ટ્રી કરવાની) રહેશે. બેંકની શાખાનો IFSC કોડમાં પણ ધ્યાન રાખીને પસંદ કરવાનો રહેશે. જે વિદ્યાર્થીનો બેંક એકાઉન્ટ નંબર/ આધાર નંબર સાથે લીંક ન થયેલ હોય તેને તેની શાખામાં જઇને આધાર સીડીંગ માટેનું ફોર્મ ભરીને સીડીંગ કરાવવાનું રહેશે. અને બેકનું ખાતુ ચાલુ રહે તથા બેંકના નિયમ મુજબ KYC (KNOW YOUR CUSTMER) ફોર્મ ભરેલ છે કે નહીં તેની ખાતરી કરવાની રહેશે.

૬. વિદ્યાર્થીએ ઓનલાઇન ફોર્મ ભરતી વખતે પોતે ભરેલ ફીની પહોંચ સ્કેન કરી અપલોડ કરવાની રહેશે. જો તેમ નહીં કરવામાં આવે તો તેને ફક્ત મેઇટેનન્સ એલાઉન્સ (નિભાવ ભથ્થુ) જ મળવાપાત્ર થશે. વિદ્યાર્થી દ્વારા ભરવામાં આવેલ ફી માં મુખ્યત્વે પ્રવેશ ફી, ટ્યુશન ફી( શિક્ષણ ફી) અને અન્ય ફી સરકારી કોલેજના કોર્સમાં મળવાપાત્ર શિક્ષણ ફી મુજબની નિયમોનુસાર જ મળવા પાત્ર થશે. વધારાની કોઇ પૂરેપૂરી શિક્ષણ ફી મળવાપાત્ર થશે નહી.

૭. વિદ્યાર્થીએ પોતાના અભ્યાસક્રમની વિગત ખૂબ જ સાવધાની પૂર્વક પસંદ કરવાની રહેશે.જો વિદ્યાર્થી દ્વારા કોઇ ખોટી સંસ્થા અથવા ખોટો અભ્યાસક્રમ પસંદ કરવામાં આવશે તો તેની પોતાની જવાબદારી રહેશે.

૮. વિદ્યાર્થી દ્વારા ઓનલાઇન ફોર્મ ભરતી વખતે જો તેના પોતાના અભ્યાસક્રમની વિગત ન હોય તો તે અંગેની જાણ જે તે સંસ્થામાં અભ્યાસ કરતા હોય તે સંસ્થાને જાણ કરવાની રહેશે.

૯. ગુજરાત રાજ્યની બહાર માન્ય અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ગુજરાત રાજ્યના મૂળ જે જિલ્લાનો વિદ્યાર્થી હોય તે જિલ્લામાં ઓનલાઇન કરેલ શિષ્યવૃત્તિની હાર્ડકોપી તથા તેને આનુસંગીક ઝેરોક્ષ નકલ જમા કરાવવાની રહેશે.

૧૦. વિદ્યાર્થી દ્વારા કોઇપણ પ્રકારની માહિતી ખોટી ભરવામાં/ પસંદ કરવામાં આવશે અથવા કોઇ માહિતી છુપાવવામાં આવશે તો તેને કોઇપણ રીતે ફરીથી સ્કોલરશીપમાં ફોર્મ ભરવા દેવામાં નહી આવે અને તેને બ્લેકલીસ્ટ કરી સ્કોલરશીપ માટે હંમેશને માટે ડીલીટ કરી દેવામાં આવશે. વિદ્યાર્થીને વિનંતી કે ફરીથી ડુપ્લીકેટ એપ્લીકેશન ભરવાનો પ્રયત્ન ન કરે.

૧૧. ઓનલાઇન એપ્લીકેશન ભરવાની છેલ્લી તારીખ સુધીની રાહ ન જોવી.

૧૨. જે વિદ્યાર્થીને અભ્યાસક્રમ દરમ્યાન ૧ વર્ષથી વધારે તૂટ (ગેપ) હોય તેને બ્રેક દરમ્યાન કોઇ અભ્યાસ કે સ્કોલરશીપ, સ્ટાઇપેન્ડ, ફેલોશીપ કે અન્ય કોઇ સરકારી લાભ મેળવેલ નથી તે અંગેનું એફીડેવીટ રજૂ કરવાનું રહેશે.

૧૩. વિદ્યાર્થીએ ફાઇનલ પ્રિન્ટ આઉટ નીકાળ્યા બાદ તેઓએ નીચે (વિદ્યાર્થીએ) સહી કરીને નીચે મુજબના ડોક્યુમેન્ટ સાથે તમે અભ્યાસ કરતા સંસ્થામાં જમા કરાવવાના રહેશે.

- વિદ્યાર્થીનો સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલા જાતિના દાખલાની સ્વ પ્રમાણિત નકલ.
- વિદ્યાર્થીના સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલો આવકના દાખલાની સ્વ પ્રમાણિત નકલ. કુટુંબની સંયુક્ત આવક (માત-પિતા), પરણિત સ્ત્રીના કિસ્સામાં (પતિનાં), જો પિતા હયાત ન હોય તો અથવા માતા પિતાએ છુટાછેડા લીધા હોય તેવા કિસ્સામાં, પિતાનાં મૃત્યુનું પ્રમાણપત્ર અથવા છુટાછેડાનો આદેશ રજૂ કરેથી માતાનાં આવકનો દાખલો માન્ય રહેશે. (આવકનો દાખલો ત્રણ વર્ષ સુધી માન્ય રહેશે)
- વિદ્યાર્થીએ છેલ્લે પાસ કરેલ પરીક્ષાની માર્કશીટની સ્વપ્રમાણિત નકલ
- વિદ્યાર્થીએ ફી ભર્યાની પહોંચની સ્વ પ્રમાણિત નકલ.
- વિદ્યાર્થીના પિતા કમાતા ન હોય તો માતાનો આવકના દાખલાની સ્વ પ્રમાણિત નકલ.
- જે વિદ્યાર્થી દિવ્યાંગ હોય તેને દિવ્યાંગતાનું માન્ય સક્ષમ ઓથોરીટી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્રની સ્વ પ્રમાણિત નકલ.
- જે વિદ્યાર્થીનાં અભ્યાસક્રમમાં એક વર્ષ કરતા વધારે ગેપ હોય તો તે સમય દરમ્યાન અન્ય કોઇ અભ્યાસ કે અન્ય કોઇ લાભ મેળવેલ નથી તે અંગેનું એફીડેવીટ.
- જે વિદ્યાર્થી હોસ્ટેલમાં રહેતા હોય તેઓએ હોસ્ટેલર તરીકેનું સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે. જેનો નમુનો પોર્ટલ ઉપર નમૂનો ઉપલબ્ધ છે. જે ડાઉનલોડ કરી વાર્ડનશ્રી/ હાઉસ માસ્ટરશ્રી ના સહી સિક્કા કરાવવાનાં રહેશે.
- જે વિદ્યાર્થી એમફીલ, પી.એચ.ડી કે તેના જેવા અન્ય અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતો હોય અને તેના અભ્યાસક્રમ દરમિયાન થેસીસ (THESIS) રજુ કરવો જરૂરી હોય તેવા સંજોગોમાં થેસીશ ટાઈપીંગ/ પ્રિન્ટીંગનું બીલ રજુ કરવાનું રહેશે.

# ડોક્યુમેન્ટ સ્કેન તથા અપલોડની માહિતી

- ડોક્યુમેન્ટસ્કેન .JPG, .JPEG ફોર્મેટમાં જ કરવાના રહેશે.
- ડોક્યુમેન્ટ સ્કેન વ્યવસ્થિત અને તેની દરેક માહિતી (કન્ટેન્ટ) સંપૂર્ણપણે દેખાય તે રીતે સ્કેન કરવાનાં રહેશે.

| SR. NO. | Certificate Name (સર્ટીફીકેટનું નામ) | Maximum Size (મહત્તમ સાઈઝ) | File Type (કઈ ફાઈલમાં સ્કેન કરવું?) | Remarks (નોંધ) |
|---|---|---|---|---|
| ૧ | છેલ્લે પાસ કરેલ પરીક્ષાની માર્કશીટ | ૨૦૦KB | .JPG | |
| ૨ | આવકનો દાખલો સક્ષમ અધિકારીશ્રી (દા.ત. મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી) | ૨૦૦KB | .JPG | આવકનો દાખલો ત્રણ વર્ષ સુધી( જો આવકમાં ફેરફાર ન હોય તો) માન્ય રહેશે. |
| 3 | જાતિનો દાખલો સક્ષમ અધિકારીશ્રીનો | ૨૦૦KB | .JPG | |
| ૪ | બેંક/પોસ્ટ પાસબુકના પ્રથમ પાનાની ઝેરોક્ષ /પાસબુક ન હોય તો ચેક કેન્સલ કરેલા | ૨૦૦KB | .JPG | IFSC કોડ તથા બ્રાન્ચ નેમ અને એકાઉન્ટ નંબર દર્શાવતું પાનું. |
| ૫ | ફી ભર્યાની પંહોચ | ૨૦૦KB | .JPG | |
| ૬ | દિવ્યાંગતાનું અંગેનું પ્રમાણપત્ર | ૨૦૦KB | .JPG | ફક્ત શારીરીક ખોડખાંપણ (દિવ્યાંગતા) ધરાવતા વિદ્યાર્થીઓ માટે |
| ૭ | હોસ્ટેલર અંગેનું પ્રમાણપત્ર | ૨૦૦KB | .JPG | ફક્ત હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ માટે |
| ૯ | આધારકાર્ડ | ૨૦૦KB | .JPG | |
| ૧૧ | સાધન ખરીદી અંગેનું બીલ (જે યોજનામાં લાગુ પડે ત્યાં) | ૨૦૦ KB | .JPG | પ્રથમ વર્ષ ડીગ્રી ઇજનીરી/ડીપ્લોમાં ઇજનેરી/ એમબીબીએસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે. |

[redacted]

- અન્ય રાજયમાં અભ્યાસ કરતા મૂળ ગુજરાતનાં વિદ્યાર્થીએ ફોર્મ ઓનલાઈન ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર ભરવાનું રહેશે.
- તે વિદ્યાર્થીએ તેના વતનનાં જિલ્લા અધિકારી પાસે સીધ્ધું ફોર્મ તથા આનુસંગીક ડોક્યુમેન્ટસની પ્રમાણીત તથા ઓરીજીનલ ડોક્યુમેન્ટસ ફોર્મ સબમીટ કરતી વખતે ચકાસણી અર્થે રજૂ કરવાના રહેશે.
- વિદ્યાર્થીએ નીચે મુજબનાં ડોક્યુમેન્ટસ રજુ કરવાના રહેશે.

(૧) મૂળ ગુજરાત રાજયનાં વતન અંગેનો પૂરાવો.
(૨) જાતિનો દાખલો (ગુજરાત રાજયમાંથી સક્ષમ અધિકારી દ્વારા ઈસ્યૂ થયેલ)
(3) આવકનો દાખલો ( સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ થયેલ)
(૪) છેલ્લે પાસ કરેલ પરીક્ષાની માર્કશીટ
(૫) હોસ્ટેલમાં રહેતો હોય તો હોસ્ટેલનું સર્ટીફીકેટ
(૬) જે કોલેજ / સંસ્થા / યુનિવર્સિટીમાં અભ્યાસ કરો છો તે કોલેજ / સંસ્થા / યુનિવર્સિટીના માન્યતાપત્રની પ્રમાણીત નકલ
(૭) જે કોલેજ/સંસ્થા/યુનિવર્સિટીમાં અભ્યાસ કરો છો તો તેનાં અભ્યાસક્રમના માન્યતાપત્રની નકલ
(૮) જે કોલેજ/સંસ્થા/યુનિવર્સિટીમાં અભ્યાસ કરો છો તો તેનાં અભ્યાસક્રમની ફી નું ધોરણ નક્કી કરેલ પત્રની પ્રમાણીત નકલ.
(૯) વિદ્યાર્થીએ ભરેલ ફી ની પહોંચ.

## સાધન સહાય

- પ્રથમ વર્ષ ડીગ્રી ઇજનેરી, ડીપ્લોમાં ઇજનેરી અને એમબીબીએસમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સાધન ખરીદવા માટેની સહાય મળશે.
- ડીગ્રી ઇજનેરી મહત્તમ ૫૦૦૦ રૂા.. સહાય.
  ડીપ્લોમાં ઇજનેરી મહત્તમ ૩૦૦૦ રૂા..સહાય.
  એમબીબીએસ મહત્તમ ૧૦,૦૦૦રૂા.. સહાય.
  - નોંધ :- સાધન સહાય ખરીદી નું બીલ પોર્ટલ પર અપલોડ કરવાનું રહેશે.
- કોઇપણ સંજોગોમાં ચોપડી (Books) ખરીદીની રકમ મળશે નહી.
- કુટુમ્બની વાર્ષિક આવક મર્યાદા ૨.૫૦ લાખ રૂા.. રહેશે.

## કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહેતાં વિદ્યાર્થીઓ માટે ફૂડબીલ સહાય

- જો વિદ્યાર્થી કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહેતો હોય અને તેને મફત ભોજન ન મળતું હોય તો તેવા કિસ્સામાં માસિક ૧૨૦૦/- લેખે મહત્તમ ૧૨,૦૦૦/- રૂા.. મળવાપાત્ર થશે.
- વિદ્યાર્થીએ હોસ્ટેલર અંગેનું પ્રમાણપત્ર અને હોસ્ટેલમાં ફી ભર્યાની પહોંચ રજૂ કરવાની તથા અપલોડ કરવાની રહેશે.
- કુટુમ્બની વાર્ષિક આવક મર્યાદા ૨.૫૦ લાખ રૂા. રહેશે.

## ટેકનીકલ અને વ્યવસાયિક અભ્યાસક્રમો માટે સ્વામી વિવેકાનંદ (આઇટીઆઇ)માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સ્ટાઇપેન્ડ યોજના

- રાજ્યની સરકારી ઔદ્યોગીક તાલીમ સંસ્થાઓ (આઇ.ટી.આઇ.)માં તાલીમ મેળવતા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ સ્ટાઇપેન્ડ મળવાપાત્ર છે.
- ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક આવક રૂા.૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે વાર્ષિક આવક રૂા.૬૮,૦૦૦/- નક્કી થયેલ છે.
- સ્ટાઇપેન્ડ રૂા.૪૦૦/- માસિક. બે કે તેથી વધુ વર્ષના અભ્યાસક્રમ માટે સ્ટાઇપેન્ડ રૂા.૧૨૫/- માસિક એક વર્ષના અભ્યાસક્રમ માટે

## એમ.ફીલ અને પી.એચ.ડી. ના અભ્યાસ માટે ફેલોશીપ આપવાની યોજના.

- એમ.ફીલ.પી.એચ.ડી માં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને આવક મર્યાદાના કારણે પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મળતો હોય તેવા વિદ્યાર્થીઓને ફેલોશીપ મળવાપાત્ર થશે.
- આ યોજનાનો લાભ ભારત સરકારશ્રીની યોજના હેઠળ લાભ મેળવતા હોય તેવા વિદ્યાર્થીઓને આપવાનો રહેશે.
- આ યોજના હેઠળ અભ્યાસનો સમયાગાળો સળંગ બે વર્ષનો રહેશે. ખાસ સંજોગોમાં તેમાં છુટછાટ આપી શકાશે.
- આ યોજનનો લાભ મહા નિબંધ (થીસીસ) રજુ કરવાની શરતે આપવાનો રહેશે.
- આ યોજનાનો લાભ નોકરી/ વ્યવસાય કરતા વિદ્યાર્થીઓને મળવાપાત્ર રહેશે નહિ.
- વાર્ષિક આવક મર્યાદા રૂા.૪૫,૭૬૦/-ની છે.
- એમ.ફીલ માટે સહાય વાર્ષિક રૂા.૨૫,૦૦૦/-
- પી.એચ.ડી.માટે સહાય વાર્ષિક રૂા. ૩૦,૦૦૦/-

# બેંક એકાઉન્ટને લગતી અગત્યની સૂચનાં

1) જે બેંકનું ખાતુ તમારૂ પોતાનુ હોય તે જ બેંકનો ખાતાનંબર (એકાઉન્ટ નંબર) ઓનલાઇન એપ્લીકેશનમાં નાખવો.
2) બેંક એકાઉન્ટનો નંબર સાચો નાખવો જો નંબરની આગળ "0" (જીરો) આવતો હોયતો "0" (જીરો) અવશ્ય લખવો.
3) વિદ્યાર્થીએ પણ ખાતરી કરવી જોઇએ કે તમે ઓનલાઇન કરેલ એપ્લીકેશનમાં આપેલો બેંક એકાઉન્ટ નંબર એક્ટીવ છે. તમારૂ એકાઉન્ટ એક્ટીવ ન હોય અથવા તો KYC બાકી હોય તો તેને પૂર્ણ કરી એકાઉન્ટ એક્ટીવ રાખવું જરૂરી છે.
4) જો તમારા એકાઉન્ટનો પ્રકાર માઇનોર (minor) હોયતો તેને મેજર (major)માં બદલવાનું રહેશે.
5) આધારબેઝ પેમેન્ટ કરવા માટે આધારનંબરનું બેંક એકાઉન્ટ નંબર સાથે લીંક હોવું જરૂરી છે. માટે તમારા આધારનંબરને બેંક એકાઉન્ટ નંબર સાથે અવશ્યલીંક (સીડીંગ) કરાવો.

# આધારને લગતી અગત્યની સૂચનાં

1) ભારત સરકારનાં નાણાં મંત્રાલયનાં ૧ જૂન ૨૦૧૭ નાં રોજ ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ નોટીફીકેશન મુજબ ભારતનાં દરેક નાગરિકે જેનાં બેંક એકાઉન્ટ નંબર સાથે આધારનંબર લીંક (સીડીંગ) કરાવવું જરૂરી છે. માટે જો આધાર લીંક ન હોય તો તાત્કાલિક બેંક એકાઉન્ટ ધરાવતી શાખામાં જઇને લીંક કરાવશો.
2) ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન ફોર્મ ભરતી વખતે આધાર નંબર અને બેંક એકાઉન્ટનંબર લીકીંગ નું સ્ટેટસ જાણવા માટેની વેબ સર્વિસ આપેલ છે. છતાં પણ અગાઉથી જાણવું હોય તો વિદ્યાર્થીએ મોબાઇલનંબર પરથી *૯૯*૯૯*# પરથી ડાયલ કરતાં કઇ બેંક સાથે લીંક છે તે જાણી શકાય છે અથવા **uidai.gov.in** વેબ સાઇટ પર જઇ તે જાણી શકાશે.
3) આધાર વેરીફાય સર્વિસમાં આધારની ડેમોગ્રાફી ડીટેઇલ્સ જેવી કે વિદ્યાર્થીનું નામ, વિદ્યાર્થીની જન્મતારીખ, અને જેન્ડરનું મેપીગ (ચેક) થાય છે જો તે ડીટેઇલ્સ સરખી નહી હોયતો વેરીફાય નહી થાય. નોંધ :- ભવિષ્યમાં પણ સરકારીની વિવિધ યોજનાના ઉપયોગ માટે તમારૂ ઓરીજનલ નામ, ઓરીજનલ જન્મતારીખ અને જેન્ડરએ આધારનાં ડેટા જોડે સંપૂર્ણપણે મેચ થવું જરૂરી છે.જો તે મુજબ ન હોય તો જેમ કે **"Hina"**, **"Heena"** બંને નામ સાચા છે પરંતુ સ્પેલીંગ અલગ હોવાથી તે મીસમેચ થાય છે આમ આધારની ડેમોગ્રાફી ડીટેઇલ્સમાં જો ભૂલ હોય તો અપડેટ કરવી જરૂરી છે.

# ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર પોસ્ટમેટ્રીક સ્કોલરશીપ અંગે સંસ્થાઓ માટેની અગત્યની માર્ગદર્શક સુચનાઓ

નિયામક, વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજય
ગાંધીનગર

# -: સંસ્થાઓ માટેની આવશ્યક સુચનાઓ :-

**Digital Gujarat Portal માટે www.digitalgujarat.gov.in પર લોગીન કરવું.**

1) દરેક શૈક્ષણિક સંસ્થા/ કોલેજ/ યુનિવર્સીટીનો AISHE કોડ હોવો આવશ્યક છે. જ્યારે શાળાનો (ધો-૧૧/૧૨માં) DISE કોડ હોવો ફરજીયાત છે. કોલેજ કક્ષાની દરેક સંસ્થાએ તેનો લોગીનઆઇડી જેતે સંસ્થાનો AISHE કોડ રહેશે. નવી સંસ્થાએ તે કોડ મેળવવાનો રહેશે. જે સંસ્થાએ વર્ષ ૨૦૧૭-૧૮માં ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર ટેબલેટ સહાયનાં ફોર્મ ભર્યા હશે તે જ લોગીન અને પાસવર્ડ તેમનો રહેશે. ધો.૧૧-૧૨ માં દરેક સંસ્થાનો DISE કોડ તેનો લોગીન આઇડી રહેશે. નવી શાળાએ તે કોડ મેળવવાનો રહેશે. સરકાર માન્ય ITI માં SSO કોડ તેનો લોગીન આઇડી રહેશે. કોલેજ કક્ષા, ધો-૧૧-૧૨ અને આઇ.ટી.આઇ જેવી સંસ્થાઓમાં પ્રથમવાર જો લોગીન થતા હોયતો બાયડીફોલ્ટ તેનો પાસવર્ડ Abcd@123 રહેશે. ત્યારબાદ તે પાસવર્ડ બદલવાનો રહેશે.

2) દરેક શૈક્ષણિક સંસ્થાએ પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ તથા અન્ય યોજનાના હેતુ માટે દર વર્ષે પોતાની પ્રોફાઇલ અપડેટ કરવી આવશ્યક છે.

3) દરેક શૈક્ષણિક સંસ્થા પોતે કઇ યુનીવર્સીટી સાથે એફીલેશન ધરાવે છે. શૈક્ષણિક સંસ્થાઓ કયા કયા અભ્યાસક્રમો ચલાવે છે તથા તેને આનુસંગીક કાઉન્સીલની માન્યતાની જાણકારી દરેક વિધાર્થીને તથા પોર્ટલ પર અપલોડ કરવી આવશ્યક છે. ધો-૧૧/૧૨ માં કયા બોર્ડ સાથે જોડાણ ધરાવે છે તેની માહીતી અપલોડ કરવાની રહેશે.

4) વિધાર્થીઓ દ્વારા ઓનલાઇન એપ્લીકેશન ફાઇનલ લોક કર્યા બાદ જ સંસ્થાના લોગીનમાં તેની એપ્લીકેશન ઉપલબ્ધ થશે.

5) શૈક્ષણિક સંસ્થા દ્વારા વિધાર્થીએ ભરેલ દરેક માહિતી તથા અપલોડ કરેલ માહીતીની ખૂબ જ ચોકસાઇપૂર્વક ચકાસણી કરવાની રહેશે.

6) જો કોઇ શૈક્ષણિક સંસ્થા દ્વારા વિધાર્થીએ ભરેલ દરેક માહિતી કે અપલોડ કરેલ માહિતીમાં ભૂલ કે અધૂરી વિગત હશે તો તેને ઓનલાઇન પાછી મોકલી વિધાર્થીને રૂબરૂમાં બોલાવીને તાત્કાલિક તે ભૂલ/ખામીને દૂર કરવા માટેની સૂચના આપવાની રહેશે. તે મુજબની કાર્યવાહી સમય મર્યાદામાં કરવાની રહેશે. સમય મર્યાદામાં ઓબ્જેક્શન સોલ્વ નહીં કરે તો એપ્લીકેશન રદ થશે.

7) વિધાર્થી દ્વારા જાણી જોઇને કોઇ ખોટી માહિતી ભરવામાં આવેલ હોય અથવા અપલોડ કરેલ હોય કે કોઇ સાચી માહિતી છુપાવેલ હોય તો અને તે સંસ્થાના ધ્યાન પર આવે તો એવી એપ્લીકેશનને સંસ્થાએ રદ કરવાની રહેશે. આવી એપ્લીકેશન ફરીથી કયારેય કરવા દેવાની રહેશે નહી અને તેને આનુસંગીક પત્ર વ્યવહારની કાર્યવાહી કરવાની રહેશે નહી.

8) ખોટી રીતે મેળવેલ શિષ્યવૃત્તિની રકમ સંસ્થાએ વિધાર્થી પાસેથી રીકવર કરવાની રહેશે.

9) સંસ્થાએ વિધાર્થી કોઇપણ એક જ શિષ્યવૃત્તિનો લાભ લે છે કે નહીં તેનું ધ્યાન રાખવાનું રહેશે. એટલે કે વિધાર્થી કોઇપણ એક જ જગ્યાએથી સ્કોલરશીપ/ સ્ટાઇપેન્ડ/ ફેલોશીપ લઇ શકશે. તે માટે તેને જે યોજનામાં વધારે લાભ મળે છે તે મુજબની તે કાર્યવાહી કરે તેવી સમજૂતી આપવાની રહેશે. જેમ કે, એમફાર્મ કરતાં વિધાર્થી જો જીપેટની એક્ઝામ પાસ હોય અને સ્ટાઇપેન્ડ મેળવતો હોય,એમ.ઇ / એમ.ટેકનો અભ્યાસ કરતો વિદ્યાર્થી જો ગેટ એક્ઝામ પાસ હોય અને સ્ટાઇપેન્ડ મેળવતો હોય, તેવી જ રીતે મેડીકલમાં માસ્ટર ડીગ્રીમાં નીટની એક્ઝામ પાસ હોય અને સ્ટાઇપેન્ડ મેળવતો હોય તેવા સંજોગોમાં વિદ્યાર્થીને કઇ યોજનામાં વધુ લાભ મળે છે તે અંગેની સમજુતી આપી કોઇ એક જ યોજનામાં વધુ લાભ મળે છે તે અંગેની સમજુતી આપી કોઇ એક જ યોજનામાં એપ્લાય કરે તેવી સમજૂતી આપવી.

10) ધો-૧૧/૧૨માં કે કોલેજ કક્ષાએ સંસ્થા ઇચ્છે તો પોતે વિધાર્થીઓના ફોર્મ ભરી શકે છે. જો વિધાર્થી જાતે ફોર્મ ભરે તો તેને યોગ્ય માર્ગદર્શન આપવાનું રહેશે જેથી ઓછામાં ઓછી ભૂલ થાય અને ઝડપથી ચુકવણું થઇ શકે.

11) સંસ્થાએ દરેક વિધાર્થીનું આધાર કાર્ડ ફરજિયાત હોવું જોઇએ જે વિધાર્થીઓના આધારકાર્ડ નથી તેઓને સંસ્થામાં આધાર નોંધણીની કીટ ઉપલબ્ધ કરાવી નોંધણી કેમ્પ રાખવાનો રહેશે. જેની પાસે આધારકાર્ડ છે તેનો આધાર નંબર બેંક એકાઉન્ટ નંબર સાથે સીડીંગ છે કે નહી તે અંગેની ખાતરી કરવાની રહેશે અને જો બેંક એકાઉન્ટ જોડે આધાર સીડીંગ/ લીંક થયેલ ન હોય તો જે શાખામાં એકાઉન્ટ છે ત્યાં આધાર સીડીંગનું ફોર્મ જમા કરાવવાની વિધાર્થીને સુચના આપવાની રહેશે. સંસ્થાએ દરેક વિધાર્થીને તેને ભરેલ તમામ ફીની પહોંચ આપવાની રહેશે.

12) સંસ્થાએ વિધાર્થી જો અધૂરો અભ્યાસ છોડી દે અથવા રીસફલીંગ કે ટ્રાન્સફરથી બીજી સંસ્થામાં પ્રવેશ મેળવે તો તે અંગે તે જિલ્લા કચેરીને જાણ કરવાની રહેશે અને તેનું ફોર્મ રીજેક્ટ કરવાનું રહેશે. જો તેનું પેમેન્ટનું ચુકવણું થઇ ગયું હોય તો તે મુજબ તેની પાસેથી રીકવરી કરવાની રહેશે.

13) વર્ષ ૨૦૧૭-૧૮માં તમામ વિધાર્થીઓને પોર્ટલ પર ફ્રેશ તરીકે ગણવામાં આવશે. દરેક સ્ટેજ માટે એક ચોકકસ સમય નક્કી કરવામાં આવશે. એ સમયમાં એ સ્ટેજનું કામ પૂર્ણ થઇ જાય તે માટેનું ધ્યાન રાખવાનું રહેશે.

14) વિધાર્થીની ફી બાબતે વધુ સ્પષ્ટતા કરતા જણાવવાનું કે, વિધાર્થીની ટ્યુશન ફી જો રાજ્ય સરકારની ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા માન્ય કરવામાં આવેલ હશે અથવા ભારત સરકાર કે રાજ્ય સરકારના કોઇ વિભાગ દ્વારા માન્ય કરવામાં આવેલ હશે તો જ અને તે મુજબની જ ફી પરત મળશે.

15) વિધાર્થીની અન્ય ફી બાબતે વધુ સ્પષ્ટતા કરતા જણાવવાનું કે, વિધાર્થીની અન્ય ફી જે નોન રીફંડેબલ હશે તો જ મળવાપાત્ર થશે. ઉપરાંત જે ફીનો ટ્યુશન ફીમાં સમાવેશ થતો હોય તેનો અન્ય ફીમાં ઉલ્લેખ કરવો નહી અને તે ફરીથી મળવાપાત્ર થશે નહી. અન્ય ફીમાં નીચે મુજબની ફીનો સમાવેશ થશે.

(૧) પંજીકરણ ફી (Registration Fee)
(૨) પુસ્તકાલય ફી (Library Fee)
(3) પરીક્ષા ફી (Examination Fee)
- (Internal Exam Fee)
- (External (University/Board) Exam
(૪) ખેલકૂદ ફી (Games Fee)
(૫) નામાંકન ફી (Enrolment fee) (once during course)
(૬) પત્રીકા ફી (Magazine Fee) (If non refundable)
(૭) સંગઠન ફી (યુનિયન ફી) (Union Fee)
(૮) લેબોરેટરી ફી / પ્રેકટીકલ ફી (Laboratory Fee/practical fee).

આ સિવાયની ફી મળવાપાત્ર થશે નહી.

16) વિદ્યાર્થીએ ફાઇનલ સબમીટ કર્યા બાદ તેની એપ્લીકેશન સંસ્થાના લોગીનમાં દેખાશે આ માટે સંસ્થા પાસે ત્રણ વિકલ્પ છે.

(૧) વિદ્યાર્થી એપ્લીકેશન ખોટી હોય તો Reject કરવાની રહેશે.
(૨) વિદ્યાર્થી એપ્લીકેશનમાં ભૂલ કે ખામી હોયતો Objection આપવાનું રહેશે.
(3) વિદ્યાર્થીની એપ્લીકેશન સંપૂર્ણ સાચી હોય તો આગળ ફોરવર્ડ કરવાની રહેશે.

## વિદ્યાર્થીની એપ્લીકેશન રીજ્કેટ ક્યારે કરવી.

૧. જો વિદ્યાર્થી અનુસુચિત જન જાતિનો ન હોય તો
૨. જો અન્યકોઇ સ્કોલરશીપ/સ્ટાઇપેન્ડ/ફેલોશીપ મેળવતો હોયતો
3. બે વખત એપ્લાય કરી હોય તો
૪. બેંક એકાઉન્ટનું ડુપ્લીકેશન થતુ હોયતો
૫. આવક મર્યાદા કરતા વધારે આવક હોય તો
૬. જો સંસ્થા અધ્ધવચ્ચેથી છોડી દીધી હોય તો
૭. જો સંસ્થામાં અભ્યાસ ન કરતો હોય તો
૮. જો છેલ્લી પરીક્ષામાં ડીટેઇન થયો હોય તો
૯. વિદ્યાર્થી છેલ્લી પરીક્ષામાં નાપાસ થયેલ કે અન્યકારણોસર એજ વર્ષમાં એ જ કોર્ષમાં ફરીથી પ્રવેશ મેળવેલ હોય તો
૧૦. એક જ લેવલનાં કોર્ષમાં ફરીથી પ્રવેશ મેળવેલ હોય તો જેમ કે બીએસસી કેમસ્ટ્રી કર્યા પછી ફીઝીક્સ કરે છે. અથવા બીએસસી કર્યા પછી બી.એ. કરે તો,
૧૧. એક પ્રોફેશનલ્સ કોર્ષ કર્યા પછી બીજો પ્રોફેશન્લ કોર્ષ તે સીવાયના પ્રવાહમાં કરેતો જેમ કે બી એડ કર્યા પછી એલએલબી કરતો ફોર્મ રિજેક્ટ થશે.

# વિદ્યાર્થીની એપ્લીકેશન ફોર્મને ઓબ્જેકશન ક્યારે આપવું

(૧) વિદ્યાર્થીએ ઓનલાઇન ફાર્મ ભરેલ પરંતુ સંસ્થામાં તેની પ્રિન્ટ જરૂરી ડોક્યુમેન્ટસ સાથે જમા ન કરાવેલ હોયતો.

(૨) વિદ્યાર્થીની એપ્લીકેશનની પ્રિન્ટ કાઢયાબાદ તેમાં વિદ્યાર્થીની સહી ન હોય તો,

(3) વિદ્યાર્થીએ નીચે મુજબનાં ડોક્યુમેન્ટસ ન જોડયા હોયતો

૧. વિદ્યાર્થીનો જાતિના દાખલાની (સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ) પ્રમાણીત નકલ .
૨. વિધાર્થીના કુટુંબનો ગત નાણાકીય વર્ષની આવકના દાખલાની (સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ) પ્રમાણિત નકલ.
૩. વિધાર્થીના પાસબુકના પ્રથમ પાનાની અથવા પાસબુક ન હોય તેવા સંજોગોમાં કેન્સલ ચેકની નકલ.
૪. હોસ્ટેલમાં રહેતા વિધાર્થીઓ માટે હોસ્ટેલર તરીકેનું પ્રમાણપત્ર (ઓરીજનલ)
૫. અભ્યાસમાં એક વર્ષથી વધારે વર્ષનો ગેપ હોય તો તે દરમ્યાન શિષ્યવૃત્તિ કે અન્ય લાભ લીધેલ નથી તેમજ કોઇ અભ્યાસ કરેલ નથી તે અંગેનું એફીડેવીટ.
૬. દિવ્યાંગ (વિકલાંગ) વિધાર્થીના કેસમાં તેનું દિવ્યાંગતાના પ્રમાણપત્ર (સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ) ની પ્રમાણિત નકલ.
૭. જો વિધાર્થી લીવ વિધાઉટ પે ના બેઇઝ પર ફુલ ટાઇમ અભ્યાસ કરતો હોય તો તેના નોકરીદાતા તરફથી ઇસ્યુ કરવામાં આવેલ LWP સર્ટીફીકેટની નકલ (ઓરીજનલ).
૮. છેલ્લે પાસ કરેલ પરીક્ષાની પ્રમાણીત નકલ.
૯. વિદ્યાર્થીએ ભરેલ ફી ની પહોચની પ્રમાણીત નકલ
૧૦. વિદ્યાર્થીએ પોર્ટલ પર ઓનલાઇન એપ્લીકેશનમાં કોઇ ફીલ્ડમાં માહિતી ભૂલથી ખોટી એન્ટ્રી થઇ ગયેલ હોય જેમ કે મોબાઇલ નંબર, ફી ની વિગત, એકાઉન્ટનંબર, આઇએફએસસી કોડ વગેરે, કોર્ષ સીલેકશન ભૂલથી થયેલ હોયતો
૧૧. જો વિદ્યાર્થીએ ઉપરોક્ત તમામ ડોક્યુમેન્ટ અપલોડ ન કર્યા હોયતો અથવા અપલોડ કરેલ ડોક્યુમેન્ટ સ્પષ્ટ વંચાતા ન હોય તો
૧૨. જો વિદ્યાર્થીએ તેનો ફોટો અપલોડ ન કર્યો હોય તો

17) <u>સાધન સહાય</u> – પ્રથમ વર્ષ ડીગ્રી ઇજનેરી/ડીપ્લોમાં ઇજનેરી અને એમબીબીએસમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ને સાધન ખરીદવા માટેની સહાયમાં સાધન ખરીદીનું બીલ પોર્ટલ પર અપલોડ કરવાનું રહેશે અને તેની નકલ જોડવાની રહેશે. બીલ સ્પષ્ટ વચાય તેવું હોવું જોઇએ અન્યથા ઓબ્જેક્શન આપવાનું રહેશે.

18) <u>કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓ માટે ફૂડબીલ સહાય</u>માં હોસ્ટેલમાં રહેવા અંગેના પ્રમાણપત્રનો નમૂનો પાર્ટલ પરથી ડાઉનલોડ કરીને સહીસિક્કા કરીને અપલોડ ન કરેલ હોયતો ઓબ્જેકશન આપવાનું રહેશે અને હોસ્ટેલમાં ફી ભર્યાની પહોચની નકલ ન જોડેલ હોયતો ઓબ્જેક્શન આપવાનું રહેશે.

19) **<u>એમ.ફીલ, પી.એચ.ડીમાં અભ્યાસ</u>** કરતા જે વિધાર્થીઓને આવક મર્યાદાના કારણે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિનો લાભ મળતો ન હોય તેવા વિધાર્થીઓને ફેલોશીપ મળવાપાત્ર થશે.

20) સંસ્થાએ કુલ સ્કોલર શીપની રકમ રૂ.૫૦,000/- સુધી થતી હોય તેવા વિદ્યાર્થીઓનાં રેકોર્ડ સંસ્થામાં રાખવાનાં રહેશે. બી.સી.કે.-૩૨૫ સ્વનિર્ભર કોલેજમાં અભ્યાસ કરતાં વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સહાય (વિચરતી-વિમુક્ત)જાતિની કુલ સ્કોલરશીપની રક્મ (તમામ ફી તથા નિભાવ ભથ્થા સહિત) રૂ.૫૦,૦૦૦/- કરતા વધારે હોય તેના ડોક્યુમેન્ટ જે તે જિલ્લા કચેરીએ જમા કરાવવાનાં રહેશે. સ્કોલરશીપની કુલ રકમ જો રૂ.૫૦,૦૦૦/- કરતા ઓછી હોય તેવા તમામ વિદ્યાર્થીઓની નિયમોનુસાર મંજૂર કરેલ દરખાસ્તો લઇને જે તે સંબંધિત જિલ્લા અધિકારીની કચેરીએ સંયુક્ત ચકાસણી કરવાની રહેશે. નોંધ – દરેક વિદ્યાર્થીના એપ્લીકેશનની પ્રિન્ટઆઉટ ફરજિયાત જમા કરાવવાની રહેશે.

21) સંસ્થાએ વિધાર્થીને પોતાના સત્ર શરૂઆત અને પુરુ થવાની અંદાજીત તારીખ આપવાની રહેશે.

22) ઇન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનીવર્સીટી તથા ડો. બાબાસાહેબ ઓપન યુનીવર્સીટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીએ તેમનાં સ્ટડીસેન્ટરમાં એપ્લીકેશન જમાં કરાવીને દરેક સ્ટડીસેન્ટરે તે ફોર્મ તેઓનાં અમદાવાદ ખાતેનાં **Regional Centre** ખાતે જમા કરાવવાનાં રહેશે.